સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર ,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/1022/G,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૫/૦૯/૨૦૨૩.

**વંચાણે લીધા:-**

(૧)વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૨)વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૩)વિભાગનો તા.૧૦/૦૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૪)વિભાગનો તા.૦૪/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૫) વિભાગનો તા.૧૫/૦૬/૨૦૨૩નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**આમુખ:-**

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં(૫) થી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં, રાજ્ય સરકાર દ્વારા તફાવતની રકમ ચૂકવવા અંગે જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચૂકવવામાં આવશે તેવી જોગવાઈ કરેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)સામેના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવણી કરવાનું ઠરાવેલ છે તેમજ પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પ્રથમ વાર્ષિક હપ્તાની ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૧૦/૦૨/૨૦૨૨ના ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના બીજા હપ્તાની, વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૦૪/૧૦/૨૦૨૨ના ઠરાવથી ત્રીજા હપ્તાની ચૂકવણી કરવાની અને વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના તા.૧૫/૦૬/૨૦૨૩ના ઠરાવથી ચોથા હપ્તાની ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચમા હપ્તાની ચૂકવણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પાંચમા અને છેલ્લા હપ્તાની ચૂકવણી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૩/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Sep-2023 (06:16 PM)

(એચ.કે.ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગસચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજરશ્રી, ઈન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ,
- શાખા સિલેક્ટ ફાઈલ.